આંક–૨૧

ઔદ્યોગિક ન્યાયપંચ નં.૨ નાં પ્રમુખ અધિકારીશ્રી અશ્વિન દવે સમક્ષ,અમદાવાદ

રેફરન્સ (આઈ.ટી.) નં.૩૯/૨૦૨૪

પ્રથમ પક્ષકાર : મ્યુનિસિપલ કમિશનરશ્રી,
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન,
મહાનગર સેવા સદન, સરદાર પટેલ ભવન,
દાણાપીઠ,અમદાવાદ.

અને

બીજા પક્ષકાર : નવયુગ જનરલ લેબર યુનિયન,
૩૧૨, ૩જો માળ, એલોરા કોમર્શીયલ સેન્ટર,
જી.પી.ઓની સામે, રીલીફ સિનેમા,
સાલપસ રોડ, મિરઝાપુર,અમદાવાદ.

હાજર રહયા: પ્રથમ પક્ષકાર તરફે વકીલશ્રી એમ. એચ. દવે.
બીજા પક્ષકાર તરફે પ્રતિનિધીશ્રી આર. એ. મલેક.

–: <u>એવોર્ડ</u> :–

(૧) સદર રેફરન્સ શ્રમ આયુકતશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરનાં તા.૨૩–૦૪–૨૦૨૪ નાં હુકમ ક્રમાંક: કે.એચ.એ.એચ.એમ.સી. ૧૫૦૭૩/૫/ક/ આઈડીઆર/એજે/૭૨/૨૦૨૪ ધ્વારા હુકમની અનુસૂચિ મુજબની ઔદ્યોગિક તકરાર અત્રેના ઔદ્યોગિક ન્યાયપંચને ન્યાય નિર્ણય કરવા માટે સુપ્રત કરવામાં આવેલ છે. સદર વિવાદની અનુસૂચિ નીચે મુજબ છે.

<u>–: અ નુ સૂ ચિ :–</u>

૧. અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનમાં વેલ્યુએશન (ફાયર એન્ડ ઈમરજન્સી સર્વીસીસ) ખાતામાં સીનીયર કલાર્ક તરીકે ફરજ બજાવતા શ્રી જશવંતસિંહ સી વાઘેલા તા.૧૦/૧૧/૨૦૨૩ ના રોજ આપેલ દફતરી હુકમ ક્રમાંક A No. 0010 થી બે ઈન્ક્રીમેન્ટ ભવિષ્યની અસર સાથે અટકાવવાનો હુકમ કરેલ છે. તે રદ કરી આ બે ઈન્ક્રીમેન્ટ તાત્કાલિક અસરથી સંબંધીત કામદારને ચુકવી આપવા કે કેમ ?

૨. અમલ અંગે: આ માંગણીઓનો અમલ તાત્કાલિક કરવી કે કેમ ?

(૨) સદર કામે બીજા પક્ષકાર (કે જેને હવે પછીથી ટુંકમાં ''યુનિયન'' તરીકે સંબોધેલ છે) દ્વારા આંક– ૮ થી તેમનું માંગણાનું નિવેદન રજુ કરેલ છે જેની ટુંકી હકીકત એવી છે કે હાલના વિવાદના સંબંધીત શ્રમયોગી (કે જેને હવે પછીથી ટુંકમાં ''અરજદાર'' તરીકે સંબોધેલ છે) પ્રથમ પક્ષકાર (કે જેને હવે પછીથી ટુંકમાં ''સંસ્થા'' તરીકે સંબોધેલ છે) માં અરજદાર સંસ્થાના વેલ્યુએશન ખાતાનાં (ફાયર એન્ડ ઈમરજન્સી) ખાતામાં સીનીયર કલાર્ક તરીકે હાલમાં ફરજો બજાવે છે. અરજદાર અગાઉ સંસ્થાના દક્ષિણ ઝોન ટેક્ષ ખાતામાં સીનીયર કલાર્ક (વોર્ડ ઈન્સપેકટર) તરીકે ફરજો બજાવતા હતા. અરજદાર તે સમયે ૧૨૦૦–૨૦૪૦ ના ગ્રેડમાં કુલ પગાર માસિક રૂા. ૪૫,૦૦૦/– હતો તથા હાલ ગ્રેડમાં માસિક ટોટલ પગાર ૬૭,૦૦૦/– છે. અરજદાર સંસ્થામાં જયારે દક્ષિણ ઝોન ટેક્ષ ખાતામાં સીનીયર કલાર્ક (વોર્ડ ઈન્સપેકટર) તરીકે ફરજ બજાવતા હતા ત્યારે સૌપ્રથમ ક્રમ નં.૪૬ તા.૧૬–૬–૨૧ ના રોજ શો–કોઝ નોટીસ આપી જણાવવામાં આવેલ કે અરજદારે પ્રકાશભાઈ ડાહ્યાભાઈ પટેલની મિલ્કત ખોટી રીતે ભરતભાઈ પટેલનો કબજો ન હોવા છતાં ખોટી સ્થળ તપાસ કરીને કબજેદાર તરીકે તેમનું નામ ખોટુ રીતે ચઢાવેલ છે, તેમ કરીને ફરજમાં ગંભીર બેદરકારી કરેલ છે તેવું જણાવી તેનો ખુલાસો કરવા જણાવેલ, આથી અરજદારે તા.૨૧–૬–૨૧ ના રોજ તેમણે ફરજમાં કયારેય બેદરકારી રાખેલ નથી એવુ જણાવી નોટીસમાં દર્શાવેલ બનાવ બાબતે સત્ય હકીકત જણાવીને ખુલાસો કરેલ હતો તથા આરોપો ગેરકાયદેસર અને સત્યથી વિમુખ હોય તેને રદ કરવા જણાવેલ હતું. આમ છતાં પણ અરજદારના જવાબને ધ્યાને લીધા વગર કે તે અંગે સત્ય હકીકતની ચકાસણી કર્યા વિના કે અરજદારના જવાબના અનુસંધાને રૂબરૂમાં અરજદારને પુરાવા રજુ કરી સાંભળવાની તક આપ્યા વિના તા.૪–૧૨–૨૧ ના રોજ અરજદારને તહોમતનામું ગેરકાયદેસર રીતે આપવામાં આવેલ હતું તેથી પ્રથમથી જ અરજદારને ન સાંભળીને બચાવની તક છીનવી લઈ અરજદાર કસુરવાર છે તેમ માની લઈ તહોમતનામું આપવાની પ્રક્રિયા ગેરકાયદેસર હોઈ તે રદ થવાને પાત્ર છે. સંસ્થાએ વિજીલન્સ ખાતાને

તપાસ કરવાની કાર્યવાહી સોંપેલ હતી અને વિજીલન્સ ખાતાની તપાસ કરનાર સંબંધીત અધિકારીશ્રીએ તપાસમાં અરજદારને તેમની ઉપરના આરોપસર અરજદારે ગુનો આચર્યો છે કે અરજદાર આરોપ મુકવા લાયક ઠરે છે તેવું કયાંય જણાવેલ ન હતું આ ઉપરાંત વીજીલન્સની તપાસમાં લેવાયેલ વ્યકિતના સ્ટેટમેન્ટમાં અરજદારે છળકપટથી કે લાંચ લઈને કે બેદરકારી દાખવીને સંબંધિત મિલ્કત ખોટા નામે ચઢાવી દીધેલ હોય તેવી કોઈપણ હકીકત કોઈપણ વ્યકિતએ વિજીલન્સની તપાસમાં જણાવેલ નથી આમછતાં પણ વિજીલન્સ તપાસમાં અરજદાર પ્રથમ દ્રષ્ટીએ જ ગુનેગાર થાય છે, તેવું માની લઈ સંસ્થાએ અરજદારને બચાવની તક આપ્યા વિના કે અરજદારને સાંભળ્યા વિના કે અરજદારનો ખુલાસો ધ્યાને લીધા વિના અરજદાર સામે ખાતાકીય તપાસ હાથ ધરેલી હોઈ તેમ કરવાનું સંસ્થાનું પગલુ પ્રથમથી રદબાતલ ઠરે છે. અરજદારે શો–કોઝ નોટીસમાં અને ચાર્જશીટમાં લેખીત ખુલાસો કરી શકે તે માટે પ્રથમથી જ ફરીયાદી પાર્થ ઘનશ્યામભાઈ સીતાપરા તથા ભરતકુમાર માધવલાલ પટેલ તરફથી કબજેદારના નામ ચઢવવા આપેલા ફાઈલની નકલ આપવામાંગણી કરેલ હતી તથા સંસ્થાએ તે અંગે બનાવેલ ફાઈલના કાગળો આપવા અરજદારે વિનંતી કરેલ, પરંતુ તે અરજદારને આપવામાં આવેલા ન હતા અરજદારને તેના અભાવે ખુલાસો કરવાની ફરજ પડેલ હતી આમ, અરજદારને તહોમતનામાના સંદર્ભે દસ્તાવેજો ન આપીને બચાવની તક છીનવી લેવામાં આવેલ હતી. અરજદારનો ખુલાસો સાંભળ્યા વગર કે ખુલાસાની યોગ્ય તક આપ્યા વિના અરજદાર સામેના આરોપો પુરવાર થઈ ગયા છે અને સજા કરવાના હેતુથી જ અરજદાર સામે ખાતાકીય તપાસ હાથ ધરવાનું નક્કી કરવામા આવેલ હતું તેમજ ઈન્કવાયરી ઓફીસર તથા પ્રેઝન્ટીંગ ઓફીસરની નિમણૂંક કરી દેવામાં આવેલ હતી. તેથી પણ સંસ્થાનું આ પગલુ કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધનું હોય તે રદ થવાને પાત્ર છે તેમ જણાવે છે. તા.૪–૧૨–૨૧ ના રોજ ખાતાકીય તપાસનો હુકમ અને ઈન્કવાયરી ઓફીસર નિમાઈ ગયા બાદ તા.૫–૯–૨૨ સુધી તપાસ અધિકારીએ ગેરકાયદેસર રીતે તપાસ અંગે શું કાર્યવાહી કરી અને કઈ મુદતે શું થયું તે

અંગેના કોઈ પ્રોસીડીંગની નકલ અરજદારને આપવામાં આવેલ ન હતી ત્યારબાદ અચાનક તા.૬–૯–૨૨ ના રોજ અરજદારને તપાસ શરૂ કરતા પહેલા આરોપો અન્વયે સમજણ પાડવામાં આવેલ ન હતી કે સંસ્થાએ રજૂ કરેલ પુરાવા પુરા પાડેલ ન હતા કે ગુનો કબુલ છે કે કેમ તે અંગે પુછવામાં આવેલ ન હતું માત્ર પ્રથમથી જ અરજદારે ગુનો કરેલ છે તેમ માની લઈ સજા કરવાના બઈરાદાથી તપાસ શરૂ કરવાનો કૃત્ય સંસ્થાનો બદદાનતવાળો હોઈ તેને આધારે કરવામાં આવેલ તપાસની કાર્યવાહી ગેરકાયદેસર હોઈ રદ થવાને પાત્ર છે તેમ જણાવે છે. તા.૬–૯–૨૨ તથા તા.૨૦–૯–૨૨ ના રોજ સંસ્થાના ફરીયાદીની સરતપાસ લેવામાં આવેલ હતી પરંતુ આ કાર્યવાહીની કોઈ નકલ અરજદારને પુરી પાડવામાં આવેલ ન હતી, માત્ર કાર્યવાહીમાં અરજદાર સહી લેવામાં આવેલ હતી અને અરજદાર કાયદાકીય જ્ઞાન ધરાવતા ન હોવાછતાં અધિકારીશ્રીએ ઉલટ તપાસ તાત્કાલિક કરવા જણાવતા તથા ફરજીયાત સરતપાસની કોપી કે દસ્તાવેજની નકલ આપેલ ન હોવા છતાં ઉલટ તપાસ કરવાની ફરજ પડેલ હતી, આવા સંજોગોમાં અરજદાર અસરકારક રીતે ઉલટ તપાસ કરી ના શકે તેવી પરિસ્થિતી સર્જીને અરજદારને ઉલટ તપાસ કરવાની ફરજ પાડેલ હોય તેવી તપાસમાં અરજદારનો બચાવનો હક્ક છીનવાઈ ગયો હોય તેવી તપાસ ગેરકાયદેસર ઠરે છે, તે દિવસે ત્યારબાદની મુદૃત અરજદારને જણાવવામાં આવેલ ન હતી અને તા.૨૦–૯–૨૨ થી તા.૨૦–૪–૨૩ સુધીની પ્રોસીંડીગની માહિતી અંગેની જાણ અરજદારને કરેલ ન હતી અને એકાએક ખાતાકીય તપાસ તા.૨૧–૪–૨૩ ના રોજ રાખવામાં આવેલ આ તારીખે બીજા સાક્ષીની સરતપાસ અધિકારી સમક્ષ હોઈ સરતપાસ કે કોઈ નિવેદન લેવામાં આવેલ ન હતુ તેમ છતાં તપાસનીશ અધિકારીએ અરજદારની અજ્ઞાનતાનો ગેરલાભ લઈ કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરૂધ્ધ જઈને અરજદારને સાક્ષીની ઉલટ તપાસ કરવા જણાવેલ અને તે અંગે કોઈ રજુઆત કરવાની તક પણ આપવામાં આવેલ ન હતી અને ઉલટ તપાસ કરવાની ફરજીયાત ફરજ પડેલ હતી તેમજ બચાવની તક છીનવી લઈ અરજદારને ઉલટ તપાસ કરવાની ફરજ પડેલ. તે દિવસે પ્રથમવાર

અરજદારને પ્રોસીડીંગની નકલ આપવામાં આવેલ હતી તે દિવસે ખાતાકીય તપાસમાં અરજદારને બચાવની કઈ કઈ તકો મળી શકે તે અંગે તપાસ અધિકારીએ અમોને જણાવેલ ન હતુ કે અમો કાયદાથી જાણકાર વ્યક્તિઓનો સંપર્ક કરી કાયદેસર રજુઆત કરી શકે તેમ માટે અને સમય આપેલ ન હતો અને અરજદારને આવો સમય આપવો પડે તે અંગે પણ અજાણ હતા તેમજ ખાતાકીય તપાસની કાર્યવાહીથી પણ અરજદાર અજાણ હોય અરજદાર લેખીતમાં આ અંગેની માંગણી કરેલ ન હતી, આ પરિસ્થિતીનો ગેરલાભ લઈ ખાતાકીય તપાસ અધિકારીએ બંને પક્ષકારો કોઈ રજુઆત કરવા માંગતા નથી, તેવુ ખોટુ લખીને ખાતાકીય તપાસ પુરી જાહેર કરેલ હતી તેથી તેમ કરવાનું તેમનું પગલુ ગેરકાયદેસર હોય તે રદ થવાને પાત્ર બને છે. તા. ૨૧–૪–૨૩ ના રોજ અરજદારને સંસ્થાના સાક્ષી તપાસી લીધા બાદ અરજદારને તેમનું નિવેદન આપવા કે અરજદારના સાક્ષી પુરાવા રજુ કરવાની કોઈ તક આપવામાં આવેલ નહી તેમજ અરજદારના પુરાવા બંધ કર્યા વગર ખાતાકીય તપાસ પુરી કરવામાં આવેલ આમ અરજદારને તપાસ અધિકારીએ સાક્ષી પુરાવા રજુ કરવાની તક છીનવી લીધેલ. આ કાર્યવાહીની કોઈ નકલ અરજદારને આપવામાં આવેલ ન હતી અને તે જ દિવસે પ્રેઝન્ટીંગ ઓફીસરનાએ અરજદાર વિરૂધ્ધ જે આરોપો જે યોગ્ય છે તેવુ લેખીતમાં જણાવી ખાતાકીય તપાસ અધિકારીએ ખાતાકીય તપાસની બ્રીફ સબમીટ કરેલ હતી. આમ કરવાનું તેમનું આ પગલુ એટલે કે અરજદારને કસુરવાર ઠરે તે પહેલા સંસ્થા ધ્વારા કસુરવાર ઠરાવવાનું પગલુ તેના ઉપર મત્તુ મારવાનું પગલું તેમજ લેખીતમાં જણાવવાનું પગલું કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધ હોય તે તપાસ ગેરકાયદેસર અને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધનું હોઈ આવી તપાસ રદ થવાને પાત્ર બને છે તેમ જણાવે છે. અરજદારે તા.૨૪–૪–૨૩ ના રોજ બચાવનામું આપેલ હતું આ બચાવનામું અફર રહેલ હતું તેમ છતાં તપાસ અધિકારીએ તેમના અહેવાલમાં કોઈ મૂલ્યાંકન કરેલ ના હોય એવા તારણો પડેલા પુરાવાથી વિપરીત ઠરે છે તેથી તેવા કારણો ઉપર આધારીત બરતરફીનો હુકમ પણ રદ થવાને પાત્ર છે. તપાસ અધિકારીશ્રીએ

તેમના તારણો તા.૨૨-૬-૨૩ ના રોજ આપેલા હતા અને તેના અનુસંધાને અરજદારને ફાઈનલ શો-કોઝ નોટીસ તા.૬-૯-૨૩ ના રોજ આપેલ હતી. આ નોટીસનો જવાબ અરજદારે તા.૨૭-૯-૨૩ ના રોજ આપેલ હતો, તપાસ અધિકારીના આ તારણો વિઝીલન્સ ખાતાની તપાસમાં લેવામાં આવેલ નિવેદનો ઉપર આધારીત હોઈ અને વિઝીલન્સની તપાસના લેવાયેલ વ્યકિતઓને સંસ્થાએ તપાસેલા ન હોવા છતાં પણ તે બાબતે સંસ્થા ખાતાકીય તપાસમાં તપાસાયેલા માત્ર બે સાક્ષી તેમની સરતપાસમાં તેમની વિગતો જણાવેલી ન હોવા છતાં પણ માત્ર વિઝીલન્સ તપાસથી આરોપો સાબીત થઈ ગયા છે તેવું ઠરાવીને ખાતાકીય તપાસ અધિકારી જે અહેવાલ આપેલ હોય તેમની તપાસની કાર્યવાહી પુરવાર થયેલી જણાય નહી, તેથી તેવી તપાસ પરવર્ષ ઠરે છે. તપાસ અધિકારીએ તેમની સામે પડેલા પુરાવાથી પર અને પડેલા પુરાવાનું કાયદેસરનું મૂલ્યાંકન કરેલા તારણો રદ બાતલ ઠરે છે, આ ઉપરાંત તપાસ અધિકારીએ તેમના આપેલા તારણોમાં ગુનો પુરવાર થયા અંગેના કોઈ કાયદેસરના કારણો (ક) આપેલા ના હોય તેથી પણ તેવા તારણો રદ થવાને પાત્ર બને છે, અરજદારનું આખરી બચાવનામું ખાતાકીય તપાસ અધિકારી સમક્ષ જેનું મૂલ્યાંકન કર્યા વગર તે ગ્રાહય રાખી શકાય તેમ નથી તેવુ જણાવી તપાસ અધિકારીએ તારણો આપેલા હોય તેવા તારણો રદ થવા પાત્ર છે. તપાસ અધિકારીએ તારણોમાં બનાવના સંદર્ભમાં નિવેદનોનો ઉલ્લેખ કરેલ હોય પરંતુ અરજદાર સામે કરેલ કાર્યવાહીમાં કયાં કસુર થયેલ છે તે અરજદારની કાર્યવાહી કાયદેસર ન હતી કે અરજદારે સરકાર સાથે છળકપટ કરી કે પ્રલોભનથી પ્રેરાઈને લાંચ લઈને કહેવાતા આરોપના સંદર્ભમાં કાર્યવાહી કરેલ હતી તેવું કયાંય તારણ કાઢેલ નથી. આમ આરોપો સાબીત થતા ન હોવા છતાં પણ તેનાથી વિરૂધ્ધ અરજદારની નિર્દોષતા સાબીત થતી હોઈ તેવા તારણો ગેરકાયદેસર ઠરે છે. આથી આ તમામ બાબતોના આધારે આવા તારણો ઉપર આધારીત અરજદારને શો-કોઝ નોટીસ આપેલ હોય અને અરજદાર ખુલાસો ધ્યાને લીધા હોય પ્રથમ પક્ષકારે ગુનો પુરવાર થયો હોય તેવું

ઠરાવી, ગુનાની ગંભીરતા જોતા અરજદારના બે ઈન્ક્રીમેન્ટ ભવિષ્યની અસરથી અટકાવવાનો હુકમ કરેલ હોઈ તેવો હુકમ આપોઆપ ગેરકાયદેસર તેમજ સંસ્થાના સ્ટેન્ડીંગ ઓડરની જોગવાઈઓ વિરૂધ્ધનું તેમજ મોડલ સ્ટેન્ડીંગ ઓર્ડર વિરૂધ્ધનું અને કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરૂધ્ધનું હોઈ તેવો હુકમ પ્રથમથી જ રદ થવાને પાત્ર હોવાનુ જણાવે છે. અરજદાર સામે સંસ્થાએ ખોટા આક્ષેપો મુકી કરેલ ખાતાકીય તપાસ કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરૂધ્ધ ઠરાવી તે રદ થવાને પાત્ર છે તેવું જાહેર કરતો તેમજ ખાતાકીય તપાસના તારણો પડેલા પુરાવાથી વિપરીત અને પુરાવાથી પર તથા કાયદેસરનું મૂલ્યાંકન કર્યા વિનાના ઠરાવી તેવા તારણો ઉપર આધારીત અરજદારે કરેલા બે ઈજાફા કાયમી અસરથી ભંગ કર્યાની શિક્ષા રદ કરી અરજદારના બે ઈજાફા પાછલી અસરથી રીઓપન કરી મળતા તમામ લાભો તથા પગારનો થતો વધારો નિવૃતિકાળ સુધી અરજદારને કાયદેસર રીતે આપતા રહે તેવો હુકમ ફરમાવવા જણાવે છે. અરજદાર માંગણાના નિવેદનની હકીકતે હાલનો રેફરન્સ મંજુર કરવા જણાવે છે.

(૩) સદર કામે પ્રથમ પક્ષકાર ધ્વારા આંક–૧૩ થી તેમનો લેખિત જવાબ રજુ કરેલ છે જેની ટુંકી હકીકત એવી છે કે અરજદારના માંગણાના નિવેદનમાં જણાવેલ વિધાનો કે જેને સંસ્થાએ સ્પષ્ટ પણે કબુલ કરેલ ન હોઈ તે સિવાયના વિધાનો સંસ્થાને કબુલ મંજુર નથી. યુનિયન તરફથી અરજદાર બાબતે સંસ્થા સામે રજૂ કરેલ માંગણાના નિવેદનમાં જણાવેલ રજૂઆતો તથા આક્ષેપો સાચા નથી તેથી તે સંસ્થા તરફે કબુલ–મંજૂર–માન્ય નથી. અરજદાર અગાઉ સંસ્થાના દક્ષિણ ઝોન ખાતે ટેક્ષ ખાતામાં તે પછી ફાળવણીથી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ ખાતામાં સિનીયર કલાર્ક તરીકે ફરજો બજાવતા હતા. આ સમયે એક અરજદારે દક્ષિણ ઝોન ટેક્ષ ખાતામાં ફરિયાદ કરતાં રજુઆત કરેલ કે તા.૦૨–૦૨–૧૯ ના રોજ ટેનામેન્ટ નં.૦૩૩૧–૩૧–૩૬૧૬–૦૦૦૧–ટી વાળી મિલકત નામે કરવા અરજી કરી તા.૧૦–૦૪–૧૯ ના રોજ વ્યવસાય વેરો ભરેલ પાવતી જોડેલ. સદર મિલકત નામે કરવા અરજદારના

મિલકતના સરનામે ટપાલ ખાતા ધ્વારા મોકલવાના બદલે ઘરના સરનામે નોટિસ મોકલી ખોટા પુરાવાઓ ઉભા કરેલ. તે પ્રમાણે વોર્ડ ઈન્સ્પેકટર જશવંતસિંહ વાઘેલાએ સત્તાનો દુરૂપયોગ કરી ખોટા દસ્તાવેજ ઉભા કરી પોતાની સહીથી બીજા ભાઈ પાસે વ્યવહાર કરી તેઓની મિલકતમાં જુની અરજી આપેલ હોવા છતાં બીજાનું નામ દાખલ કરી અન્યાય કરેલ છે તેથી અરજદારની સામે કાયદેસરની કાર્યવાહી કરી શિક્ષાત્મક પગલા ભરવા વિનંતી કરેલ. ટેનામેન્ટ નં.૦૩૩૧–૩૧–૩૬૧૬–૦૦૦૧–ટી વાળી મિલકત અંગે વિજીલન્સ ખાતે સદર મિલકતના મુળ માલિક પ્રકાશભાઈ ડાહ્યાભાઈ પટેલના નિવેદનમાં જણાવ્યા મુજબ પ્રકાશભાઈ ધ્વારા સદર મિલકત તા. ૨૫–૦૪–૧૮ ના રોજ વેચાણ કરાર તથા પાવર ઓફ એટર્નીથી શ્રી પાર્થ ઘનશ્યામભાઈ સીતાપરાને વેચાણ આપેલ. ત્યારબાદ તા.૩૧–૦૮–૧૮ ના રોજ શ્રી નવિન ઈશ્વરલાલ કોષ્ટીને વેચાણ કરાર તથા પાવર ઓફ એટર્નીથી વેચાણ આપેલ અને ત્યારબાદ સદર મિલકત શ્રી નવિન ઈશ્વરલાલ કોષ્ટી ધ્વારા તા.૦૧–૦૯–૧૮ થી શ્રી પ્રકાશભાઈ ડાહ્યાભાઈ પટેલને ૧૧ માસ ૨૯ દિવસ માટે ફરીથી ભાડે આપેલ તથા તા.૦૧–૦૯–૧૯ થી ૧૧ માસ ૨૯ દિવસ માટે ફરીથી ભાડે આપેલ. જયારે પ્રકાશભાઈ ડાહ્યાભાઈ પટેલ ધ્વારા આજ મિલકત તા.૧૨–૦૩–૧૯ ના રોજ શ્રી ભકતકુમાર માધવલાલ પટેલને પાવર ઓફ એટર્ની તથા વેચાણ કરારથી વેચાણ આપેલ અને સદર મિલકતશ્રી ભરતકુમાર ડાહ્યાભાઈએ વેચાણ રાખ્યા બાદ પ્રકાશભાઈના નાના ભાઈ મનિષભાઈ ડાહ્યાભાઈને તા.૧૬–૦૩–૧૯ થી ૧૧ માસનો ભાડા કરાર કરી ભાડે આપેલ. સદર તમામ ભાડા કરારો અત્રે રજુ થયેલ છે. શ્રી પ્રકાશભાઈ ડાહ્યાભાઈ પટેલના નિવેદન મુજબ તેઓએ શ્રી ઘનશ્યામભાઈ સીતાપરા તથા શ્રી ભરતભાઈ પટેલ પાસેથી વ્યાજે લીધેલ જેની અવેજમાં તેઓએ સદર જગ્યા વેચાણ કરાર અને પાવર ઓફ એટર્ની કરી આપેલ. ખરા અર્થમાં સદર જગ્યાના માલીક શ્રી નવિનભાઈ કોષ્ટી છે. જયારે શ્રી ઘનશ્યામભાઈ સીતાપરા તેઓના સગા છે. વિજીલન્સ ખાતાની સ્થળ તપાસમાં પણ શ્રી નવિનભાઈ કોષ્ટીનો કબજો માલુમ પડેલ છે. ઉપરાંત

શ્રી નવિનભાઈ કોષ્ટીએ વિજીલન્સ ખાતે રજુ કરેલ કોર્ટના પંચનામા મુજબ પણ તેઓનો કબજો સદર જગ્યા પર પુરવાર થાય છે. પાર્થ ઘનશ્યામભાઈ તેમના નિવેદનમાં જણાવે છે કે, પાર્થભાઈ સદર શેડમાં સ્ક્રેપનો ધંધો કરે છે પરંતુ તેમની કબજેદારમાં નામ દાખલ કરવાની અરજી બાબતે વોર્ડ ઈન્સ્પેકટર ધ્વારા તા.૨૨–૦૨–૨૦ ની સ્થળ તપાસના ફોટોગ્રાફ જોતાં સદર શેડમાં ખાંડણી દસ્તાનો ધંધો માલુમ પડેલ છે. શ્રી મનીષભાઈ પટેલના નિવેદન મુજબ તેઓ સદર જગ્યા પર ખાંડણી દસ્તાનો જ ધંધો કરતા હતાં. શ્રી ભરતભાઈ માધવલાલ પટેલ તેમના નિવેદનમાં જણાવે છે કે, કબજેદારમાં નામ દાખલ કરવા કરેલ અરજીના અનુસંધાને વોર્ડ ઈન્સ્પેકટર સ્થળ તપાસ માટે આવેલ ત્યારે સ્થળ તપાસના ફોર્મમાં ભરતભાઈએ સ્થળ પર હાજર રહી સહી કરેલ છે પરંતુ ભરતકુમાર માધવલાલ પટેલ મુજબ તેઓએ પ્રકાશભાઈ પાસેથી તા.૧૨–૦૩–૧૯ ના રોજ મિલકત વેચાણ રાખ્યા બાદ તા.૧૬–૦૩–૧૯ થી શ્રી પ્રકાશભાઈના નાના ભાઈ મનિષભાઈ ડાહ્યાભાઈને સદર મિલકત ભાડે આપેલ જે અંગેનો ભાડા કરાર પુરાવા રૂપે અત્રે આપેલ છે. શ્રી ભરતભાઈ પટેલના પત્ર મુજબ તેઓએ મિલકત પર હાજર રહી સ્થળ તપાસમાં સહી કરેલ છે પરંતુ તેઓના જણાવ્યા મુજબ તેઓએ સદર મિલકતમાં કયારેય પણ કોઈ ધંધો કરેલ નથી અને વેચાણ લીધા બાદ તેઓએ તરત જ સદર મિલકત શ્રી મનીષભાઈને ભાડે પણ આપી દીધેલ છે. આમ, સદર મિલકતમાં શ્રી ભરતભાઈ પટેલનો કબજો પુરવાર થતો નથી. વોર્ડ ઈન્સ્પેકટર શ્રી દિનેશભાઈ બારૈયા ધ્વારા શ્રી પાર્થ સીતાપરાનું નામ સદર ટેક્ષ બિલમાં કબજેદારમાં ચઢાવેલ છે પરંતુ સદર જગ્યાના સ્થળ તપાસના ફોટોગ્રાફ જોતાં સદર શેડમાં ખાંડણી દસ્તાનો ધંધો માલુમ પડેલ છે જે શ્રી મનિષભાઈ પટેલ દ્વારા તે સમયે કરવામાં આવતો હતો. આમ શ્રી ઘનશ્યામભાઈ સીતાપરા તથા શ્રી ભરતભાઈ પટેલ ધ્વારા વેચાણ કરાર પાવર ઓફ એટર્ની તથા સ્થળ તપાસમાં હાજરીના આધારે, ટેક્ષ બિલમાં પોતાનું નામ ચઢાવવાની પ્રક્રિયા કરવામાં આવેલ હોય તેમ જણાય છે. જયારે બન્ને વખતની સ્થળ તપાસમાં ખરેખરનો કબજો શ્રી પ્રકાશભાઈ પટેલ તથા શ્રી મનિષભાઈ પટેલનો જણાય

છે. તા.૧૨–૦૬–૧૯ ની શ્રી જશવંતસિંહ સી. વાઘેલાની સ્થળ તપાસમાં શ્રી ભરતભાઈ પટેલનો કબજો ન હોવા છતાં શ્રી જશવંતસિંહ સી.વાઘેલાએ ખોટી સ્થળ તપાસ કરી ટેક્ષ બિલ ટેના નં.૦૩૩૧–૩૧–૩૬૧૬–૦૦૦૧–ટી માં કબજેદારનું નામ ખોટી રીતે ચઢાવેલ હોવાનું જણાય છે. આમ ટેના નં.૦૩૩૧–૩૧–૩૬૧૬–૦૦૦૧–ટી વાળી મિલકતના મૂળ માલીક (કબજેદાર) શ્રી પ્રકાશભાઈ ડાહ્યાભાઈ પટેલ ધ્વારા તેમની મિલકત અલગ–અલગ ત્રણ વ્યકિતઓને વેચાણ આપેલ જણાય છે. જે અંગે કસુરદાર વોર્ડ ઈન્સ્પેકટર શ્રી જશવંત વાઘેલાએ સદર જગ્યાના કબજા બાબતે વિવાદ ચાલતો હોવાનું જાણતા હોવા છતાં તેમજ ખોટી સ્થળ તપાસ કરી ટેક્ષ બિલ ટેના નં.૦૩૩૧–૩૧–૩૬૧૬–૦૦૦૧–ટી માં કબજેદારનું નામ ખોટી રીતે ચઢાવીને ગંભીર બેદરકારી દાખવેલ હોવાનું સ્પષ્ટપણે માલુમ પડેલ. સંસ્થા તરફથી અરજદારને તેઓની સામેની ઉપર જણાવેલ વિજીલન્સ તપાસની કાર્યવાહીમાં જણાવ્યા પ્રમાણે અરજદારે ફરજમાં દાખવેલ ગંભીર ગેરશિસ્ત–ગેરવર્તણુક દાખવવા બદલ સૌ પ્રથમ તા.૧૬–૦૬–૨૧ ના રોજની એક શો–કોઝ નોટિસ આપી તેનો ખુલાસો કરવા જણાવેલ જેનો તેઓએ તા.૨૧–૦૬–૨૧ ના રોજ જવાબ આપેલ જે ન્યાયી તેમજ કાયદેસરનો જણાયેલ નહી. આથી સંસ્થા તરફથી અરજદારને તા. ૦૪–૧૨–૨૧ ના રોજના એક તહોમતનામા નં. ૬૨/૨૧–૨૨ આપી તેની સાથે આક્ષેપપત્રક તથા દસ્તાવેજી પુરાવાપત્રક તેમજ સાક્ષી પુરાવાપત્રક તદઉપરાંત ખાતાકીય તપાસ અધિકારીના નિમણૂંકના હુકમ સાથે પ્રેઝન્ટીંગ ઓફિસરની નિમણૂંકના હુકમ આપી ખુલાસો કરવા જણાવેલ જે તેઓને મળી ગયેલ. સંસ્થા તરફે રજુઆત કે ત્યારબાદ સંસ્થા તરફથી અરજદાર સામે જે ખાતાકીય તપાસની કાર્યવાહી કરવાનું નકકી કરવામાં આવેલ જેમાં ઈન્કવાયરી ઓફિસર તરીકે (તટસ્થ /સ્વતંત્ર વ્યકિત) તથા પ્રેઝન્ટીંગ ઓફિસર તરીકે નિમણૂક કરવામાં આવેલ હતી. સંસ્થા તરફથી અરજદાર સામેની સદર ખાતાકીય તપાસની કાર્યવાહીમાં અરજદારને આપવામાં આવેલ ઉપરોકત તહોમતનામામાં જણાવવામાં આવેલ તેમની ફરજ પ્રત્યે ગંભીર ગેરશિસ્ત–ગેરવર્તણુક આચરવા

બદલ સંસ્થા તથા અરજદાર તરફથી જરૂરી તેમજ ઉપલબ્ધ એવા તમામ મૌખિક તદઉપરાંત દસ્તાવેજી પુરાવાપત્રકો રજૂ કરવામાં આવેલ તે તપાસવામાં આવેલ. ત્યારપછી સંસ્થા તરફથી અરજદાર સામેની સદર ખાતાકીય તપાસની કાર્યવાહી પૂરી થયેલ જાહેર કરવામાં આવેલ હતી તે પ્રમાણે સદર ખાતાકીય તપાસની કાર્યવાહીમાં દરેક તારીખમાં થયેલ કાર્યવાહી નીચે હાજર રહેલ સંબંધિત પક્ષકારો તરફથી સહીઓ કરવામાં આવેલ હતી. સંસ્થા તરફે રજુઆત કે ઉપર જણાવ્યા પ્રમાણે સંસ્થા તરફથી અરજદાર સામે કરવામાં આવેલ સદર ખાતાકીય તપાસની કાર્યવાહીમાં અરજદારને તેમનો બચાવ કરવાની રજુઆત કરવા માટે કુદરતી ન્યાયના સિધ્ધાંતો પ્રમાણે ન્યાયી તથા વ્યાજબી તેમજ કાયદેસરની પુરતી તકો આપવામાં આવેલ હતી. ઈન્કવાયરી ઓફિસર ધ્વારા કરવામાં આવેલ સદર ખાતાકીય તપાસની કાર્યવાહી ન્યાયી તથા વ્યાજબી તેમજ કાયદેસરની તદઉપરાંત કુદરતી ન્યાયના સિધ્ધાંતોને અનુરૂપ હતી. અરજદારની ફરજ પ્રત્યેની ગંભીર ગેરશિસ્ત –ગેરવર્તણુક સાબિત થતા હોવા અંગેના તારણો સહિત ખાતાકીય તપાસની કાર્યવાહીની સંપૂર્ણ નોંધ સક્ષમ સત્તા અધિકારીને સુપ્રત કરવામાં આવેલ. આમ સદર ખાતાકીય તપાસની કાર્યવાહીમાં સંબંધિત બન્ને પક્ષકારો તરફથી રજુ થયેલ મૌખિક તેમજ લેખિત રજુઆતો–પુરાવાઓ–નિવેદન ઉપરથી અરજદારની તેમની ફરજ પ્રત્યેની ગંભીર ગેરશિસ્ત–ગેરવર્તણુકના આક્ષેપો સાબિત થતા હોવા અંગેના ઈન્કવાયરી ઓફિસરશ્રીના તારણો સાથે સક્ષમ સત્તા અધિકારી સંમત થતા તેઓશ્રીએ પણ અરજદારની આ ગંભીર ગેરશિસ્ત–ગેરવર્તણુકની ગંભીરતાને ધ્યાનમાં લીધેલ હતી. ત્યારબાદ સંસ્થાના સક્ષમ સત્તા અધિકારી તરફથી અરજદારને તા.૦૬–૦૯–૨૦૨૩ ના રોજ ફાઈનલ શોકોઝ નોટિસ નં.૨૯૩/૨૩–૨૪ મોકલાવી અરજદારને ઉપરોકત ગંભીર ગેરશિસ્ત–ગેરવર્તણુક આચરવા બદલ બે ઈન્ક્રીમેન્ટ ભવિષ્યની અસર સાથે અટકાવવાની શિક્ષા શા માટે ન કરવી તે અંગેનો લેખિત ખુલાસો દિન–૧૦માં કરવા જણાવેલ તથા તે સાથે તેઓને તટસ્થ ઈન્કવાયરી ઓફિસરશ્રી ધ્વારા તા.૨૨–૦૬–૨૩

ના રોજ આપવામાં આવેલ ખાતાકીય તપાસની કાર્યવાહીના તારણો/રીપોર્ટ પણ મોકલી આપવામાં આવેલ. અરજદાર તરફથી સદર ફાઈનલ શોકોઝ નોટિસના સંદર્ભમાં સંસ્થાને તા.૨૭–૦૯–૨૦૨૩ના રોજ જે જવાબ/ખુલાસો આપેલ તે ન્યાયી તેમજ કાયદેસરનો ન જણાતા તે સ્વાભાવિક રીતે જ માન્ય રાખેલ નહી. આથી સંસ્થા તરફથી અરજદારને તા.૧૦–૧૧–૨૩ ના રોજના આઈઆરઈએસટી હુકમ નં. એ/૧૦ થી ફાઈનલ શોકોઝ નોટિસ નં. ૨૯૩/૨૩–૨૪ માં સૂચવેલ સૂચિત શિક્ષામાં ફેરફાર કરવાનું મુનાસિબ ન લાગતા તેઓના બે ઈન્ક્રીમેન્ટ ભવિષ્યની અસર સાથે અટકાવવાનો હુકમ કરવામાં આવેલ જે તેમની ફરજ પ્રત્યેની દાખવેલ ગંભીર ગેરશિસ્ત –ગેરવર્તણુકના સંબંધમાં તદન ન્યાયી તથા વ્યાજબી તેમજ કાયદેસરનો છે. સંસ્થા લેખિત જવાબની ઉપરોકત હકીકતે અરજદારનો હાલનો વિવાદ રદ કરવા જણાવે છે.

(૪) સદર કામે સંસ્થા તરફે લીસ્ટ આંક–૧૯ થી અરજદાર વિરુધ્ધ હાથ ધરેલ ખાતાકીય તપાસ અંગેના દસ્તાવેજો રજુ કરેલ છે.

ઔદ્યોગિક ન્યાયપંચ દ્વારા તા.૭–૪–૨૬ ના રોજ અરજદારનો મૌખિક પુરાવો લેવાનો હકક બંધ જાહેર કરેલ છે. સંસ્થા તરફે આંક–૨૦ થી તેમનો મૌખિક પુરાવો લેવાનો હકક બંધ જાહેર કરેલ છે.

અરજદારના વકીલશ્રી તા.૯–૭–૨૬ ના રોજ ગેરહાજર હોઈ અરજદાર તરફે દલીલ નથી. સંસ્થા તરફે વકીલશ્રી જે.ડી. ચાલીસહજાર સાંભળ્યા. સદર કામે તા.૯–૭–૨૬ ના રોજ હુકમ ઉપર મુકવામાં આવેલ છે.

(૫) હાલના કામે અરજદાર દ્વારા ખાતાકીય તપાસ કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરુધ્ધની હોવા અંગેનો પુરાવો રજુ કરેલ નથી કે ખાતાકીય તપાસ કયા સંજોગોમાં ગેરકાયદેસર છે તેવી હકીકત પુરવાર કરેલ નથી.

અરજદાર દ્વારા સદર કામે તેમનો પુરાવો રજુ કરેલ નથી કે કોઈપણ જાતનો બચાવ કે રજુઆત કરેલ નથી.

લીસ્ટ આંક–૧૯ ના દસ્તાવેજ ધ્યાને લેવામાં આવે તો અરજદારને નિ.૧૯/૬ નું તા.૪–૧૨–૨૧ ના રોજનું તહોમતનામું આપેલ છે. અરજદાર વિરુધ્ધ તા.૪–૧૨–૨૧ ના પત્ર થી ખાતાકીય તપાસ હાથ ધરવાનું નકકી કરવામાં આવેલ છે. નિ.૧૯/૭ થી રજુ ખાતાકીય તપાસની કાર્યવાહીના દસ્તાવેજો ધ્યાને લેવામાં આવે તો અરજદાર ખાતાકીય તપાસમાં હાજર રહેલ છે તેમજ સંસ્થા તરફે સાક્ષીની ઉલટતપાસ લીધેલ છે. પક્ષકારો તપાસમાં કોઈ પણ જાતની રજુઆત કરવા માંગતા નથી તેમ જણાવતા તા.૨૧–૪–૨૩ ના રોજ ખાતાકીય તપાસ પુરી જાહેર કરવામાં આવેલ છે.

ખાતાકીય તપાસના દસ્તાવેજો ધ્યાને લેતા અરજદારને બચાવ તથા રજુઆત કરવાની તક આપવામાં આવેલ છે. ખાતાકીય તપાસમાં કુદરતી ન્યાયના સિધ્ધાંતોનુ પાલન કરવામાં આવેલ છે.

નિ.૧૯/૧૦ નો ખાતાકીય તપાસનો અહેવાલ ધ્યાને લેવામાં આવે તો અરજદાર વિરુધ્ધ તહોમતનામામાં જણાવેલ આરોપ સાબિત થયેલ હોવાના તારણ આપવામાં આવેલ છે. અરજદાર વિરુધ્ધ જગ્યાના કબજા અંગે વિવાદ ચાલતો હોવાની જાણકારી ધરાવતા હોવાછતાં કબજેદારનું નામ ખોટી રીતે ચઢાવી ફરજમાં ગંભીર બેદરકારી દાખવેલ હોવાનું જણાતા સદર ગેરવર્તણુક આચરવાના તહોમત મુકવામાં આવેલ છે.

અરજદાર વિરુધ્ધ મુકેલ તહોમત પુરવાર થતા હોઈ નિ.૧૯/૧૩ ના તા.૧૦–૧૧–૨૩ ના શિક્ષાત્મક હુકમથી અરજદારના બે ઈજાફા કાયમી અસરથી અટકાવવાની શિક્ષા કરવામાં આવેલ છે.

અરજદાર ધ્વારા આચરેલ ગેરવર્તણુંક ધ્યાને લેતા અરજદારને કરવામાં આવેલ શિક્ષા ગુનાના પ્રમાણમાં યોગ્ય અને વ્યાજબી જણાતી હોઈ સદર શિક્ષાત્મક હુકમમાં હસ્તક્ષેપ કરવો યોગ્ય જણાતો નથી. સદર સંજોગોમાં અરજદાર હાલના

વિવાદમાં માંગેલ દાદ મેળવવા કાયદેસર હકકદાર થતા ન હોઈ અરજદારનો હાલનો વિવાદ પુરાવાના અભાવે રદ કરવામાં આવે છે.

ઉપરોકત ચર્ચા કરેલ તમામ કારણોસર સદર કામે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

-: હુકમ :-

(૧) બીજા પક્ષકારનો રેફરન્સ (આઈ.ટી.) નં.૩૯/૨૦૨૪ રદ કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

Digitally signed by
ASHVINKUMAR ANILKUMAR DAVE
Reason: JUDGEMENT
at AHMEDABAD
on 18/07/2026 16:21:10 IST.

તા.૧૮-૦૭-૨૦૨૬
સ્થળ: અમદાવાદ

(અશ્વિનકુમાર અનિલકુમાર દવે)
જજ કોડ : જીજે ૦૦૭૭૬
પ્રમુખ અધિકારી,
ઔદ્યોગિક ન્યાયપંચ, અમદાવાદ

એસ.જી.રામાણી, પી.એસ.